# પ્રેસનોટ

**શહેર પોલીસ દ્વારા ફાયર સેફ્ટીના લાયસન્સ/ધારાધોરણો વગર ખાનગી ટ્યુશન/ડાન્સ ક્લાસ તથા સમર કેમ્પ જેવી પ્રવૃત્તિ ચલાવતી સંસ્થાઓ પર બાળકોની સલામતી સંબંધે લેવામાં આવી રહેલ પગલા.**

અમદાવાદ શહેર પોલીસ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સાથે રાખીને ખાનગી ટ્યુશન/ડાન્સ ક્લાસ તથા સમર કેમ્પ જેવી પ્રવૃત્તિઓ થતી હોય તેવા સ્થળોએ બાળકોની સલામતીને ધ્યાને લઈને સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં આવી તમામ સંસ્થાઓ કે જેમાં આવા પ્રકારની કોઈ પણ પ્રવૃત્તિ થતી હોય અને તેમના પાસે ફાયર સેફ્ટીના સાધનો ન હોય કે બંધ હાલતમાં હોય તેવી સંસ્થાઓને તાત્કાલીક અસરથી બંધ કરાવી દેવામાં આવનાર છે. અમદાવાદ શહેર પોલીસ બાળકોની સલામતીને લઈને ગંભીર છે અને શહેરીજનોને આ કામગીરીમાં સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

તા.૨૪/૦૫/૨૦૧૯

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ અમદાવાદ શહેર.